# પેટ્રોલ-ડીઝલના ભાવ હાલમાં નહીં વધે

નવી દિલ્હી,તા. ૧૧

તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકોને આજે મોટી રાહત થઈ હતી. કારણ કે પેટ્રોલ, ડિઝલ, એલપીજીની કિંમતમાં હાલ કોઈ વધારો નહી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. મમતા બેનર્જીના તૃણમૂળ કોંગ્રેસ અને અન્ય સાથી પક્ષોના દબાણ સમક્ષ ઝુંકીને પેટ્રોલિયમ પેદાશોની કિંમત અંગે નિર્ણય લેવા આજે મળનારી રાજકીય બાબતોની કેબિનેટ સમિતીની બેઠકને મોકુફ કરી દેવામાં આવી હતી. છેલ્લા બે-ત્રણ દિવસથી ભાવ વધારો ઝીંકાશે તેવી ચર્ચા ચાલી રહી હતી. આજે કેબિનેટની બેઠક ટળી જતા થોડાક સમય સુધી લોકોને રાહત મળી ગઇ છે. વડાપ્રધાન મનમોહનસિંહના નેતૃત્વમાં સીસીપીએની મિટિંગ યોજાવાની હતી. પેટ્રોલિયમ પ્રધાન જયપાલ રેડ્ડીએ એમ કહીને લોકોની ચિંતા વધારી દીધી હતી કે ભાવ વધારો ટાળી શકાય તેમ નથી છતાં પણ આ મિટિંગ મૌકુફ કરી દેવાઈ હતી. મિટિંગ મૌકુફ કરવા માટેનું કોઈ કારણ આપવામાં આવ્યું નથી. સાથે સાથે નવી તારીખ પણ નક્કી કરવામાં આવી નથી. રેડ્ડીએ કહ્યું હતું કે, ડીઝલ, ગેસ, કેરોસીનની કિંમતમાં વધારો એજન્ડામાં નહતો પરંતુ આ વિષય પર ચર્ચા થઈ શકી હોત. સીસીપીએની બેઠક મૌકુફ કરવાની જાહેરાત કરવામાં આવે તે પહેલાં નાણામંત્રી પી.ચિદમ્બરમ સાથે બેઠક યોજ્યા બાદ રેડ્ડીએ કહ્યું હતું કે, ઓઈલ પ્રોડક્ટની કિંમતોમાં વધારો હવે ટાળી શકાય તેમ નથી. જોકે છેલ્લે મિટિંગને મોકુફ કરાઈ હતી. ખર્ચ કરતાં ઓછી કિંમતે ફ્યુઅલ વેચવાનાં લીધે ઓઈલ



પીએસયુને નુકસાન વધીને ૧.૮૮ લાખ કરોડ સુધી પહોંચવાનો અંદાજ છે. ગયા વર્ષે જુન બાદથી ડીઝલ અને ગેસની કિંમત વધારાઈ નથી.

જોકે મિડિયા અહેવાલમાં પણ હજુ એવી ચર્ચા છે કે ભાવ વધારો ચોક્કસપણે ઝીંકાશે. ઉત્પાદન ખર્ચમાં ૨૮ ટકાનો રેકોર્ડ વધારો થયો હોવા છતાં ડિઝલ, એલપીજી અને પીડીએસ કેરોસીનની કિંમતમાં વર્ષ ૨૦૧૧માં જુન બાદથી કોઇ વધારો કરવામાં આવ્યો નથી. પેટ્રોલના વેચાણ પર સરકારી ફ્યુઅલ રિટેલર્સને લીટરદીઠ રૂપિયા છનું નુકસાન થઈ રહ્યું છે. પેટ્રોલની કિંમતને જુન ૨૦૧૦માં સરકારના અંકુશમાંથી મુક્તિ આપવામાં આવી હતી. પરંતુ પેટ્રોલની કિંમત ખર્ચની જેમ સતત વધી નથી. આવી જ રીતે ફ્યુઅલ રીટેલર્સને ડિઝલ પર લીટરદીઠ ૧૯.૨૬ રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે. જ્યારે કેરોસીન પર લીટરદીઠ ૩૪.૩૪ રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે. સ્થાનિક એલપીજી પર પ્રતિ ૧૪.૨ કિલોગ્રામના સિલિન્ડર પર ૩૪૭ રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે. પેટ્રોલિયમ પ્રધાન જયપાલ રેડ્ડી ભાવ વધારાની તરફેણ કરી ચુક્યા છે. પીએસયુ ઓઈલ કંપનીઓને ૫૬૦ કરોડનું નુકસાન થઈ રહ્યું છે. એકલા પેટ્રોલ પર દરરોજ ૧૬ કરોડનું નુકસાન થઈ રહ્યું છે.

ડિઝલની કિંમતમાં વદારો કરવા ઉપરાંત ગેસ અને કેરોસીનની કિંમતમાં વધારો કરવાની પણ રજૂઆત વારંવાર કરવામાં આવી ચુકી છે. એક વર્ષમાં પ્રતિ આવાસ ૪-૬ સિલિન્ડરની સંખ્યા મર્યાદિત કરવાની પણ વાત કરવામાં આવી હતી. જો કે આ દરખાસ્તનો જોરદાર વિરોધ થયો હતો. ઈન્ડિયન ઓઈલ કોર્પના ચેરમેન આરએસ બુટોલાએ કહ્યું છે કે ઓઈલ કંપનીઓ પેટ્રોલની કિંમતમાં વધારો કરવા માટે સ્વંતત્ર છે પરંતુ સરકાર સાતે તે ચોક્કસપણે વાતચીત કરે છે. તેમણે કહ્યું હતું કે પેટ્રોલ પર દરરોજ અમને ૧૬ કરોડ રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે.

## સુભાષ ઘાઈને ફટકો : આખરે જમીનની ફાળવણી રદ કરાઈ

નવીદિલ્હી,તા.૧૧

બોલિવુડના નિર્માતા અને નિર્દેશક સુભાષ ઘઈને આજે મોટો ફટકો પડ્યો હતો. કારણ કે પંજાબ અને હરિયાણા હાઈ કોર્ટે સુભાષ ઘઈને કરવામાં આવેલી જમીનની ફાળવણીને રદ કરવાનો આદેશ આપ્યો હતો. હરિયાણામાં ઝાઝર જિલ્લાના બદસા ગામમાં તેમની મુક્તા આર્ટસ દ્વારા આશરે ૨૦ એકર જમીનની ખરીદી કરવામાં આવી હતી. આ જમીનની ફાળવણીને કોર્ટે રદ કરવાનો આદેશ આપ્યો છે. પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે ગ્રામ પંચાયતને આ જમીનનો કબજો આપી દેવા



ઘાઈને આદેશ કર્યો છે. વ્યાજ સાથે ઘાઈને તમામ નાણા પરત આપવાનો પણ આદેશ આપ્યો છે. સુભાષ ઘઈને ગામની સામાન્ય જમીન આપવામાં હરિયાણા સરકારે તરફેણ કરી છે તેવો આક્ષેપ કરીને એક અરજી દાખલ કરવામાં આવ્યા બાદ આની નોંધ લઈને કોર્ટે આ આદેશ આપ્યો હતો. અરજીદાર શિક્ષણે આક્ષેપ કર્યો હતો કે જાહેર હિત માટે વર્ષ ૨૦૧૦માં ઘાઈને આ જમીન આપી દેવામાં આવી હતી. અરજીદારના વકીલ દિપક બાલયને કહ્યું હતું કે મુક્તા આર્ટસને જમીન વેચી દેવાનો નિર્ણય દબાણ હેઠળ લેવામાં આવ્યો હતો. ફિલ્મ નિર્માતા ખાનગી હેતુ માટે જમીન ઈચ્છે છે તેવી માહિતી હોવા છતાં આ જમીન આપવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે સપ્ટેમ્બરમાં ૮.૦૨ કરોડની કિંમતમાં જમીન વેચી દેવા પંચાયતને મંજૂરી આપી હતી.

## ઉથલપાથલ વચ્ચે સેન્સેક્સમાં ૮૬ પોઈન્ટનો સુધારો નોંધાયો

મુંબઈ,તા.૧૧

શેરબજારમાં આજે કારોબારનાં અંતે તેજી જોવા મળી હતી. કારોબારના અંતે સેન્સેક્સ ૮૬ પોઈન્ટ સુધરીને ૧૭૮૫૩ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૨૬ પોઈન્ટ સુધરીને ૫૩૯૦ની સપાટીએ રહી હતી. દિવસ દરમિયાન બજારમાં ઉથલપાથલનો દોર રહ્યો હતો. આઈટીસી અને સોફ્ટવેરની કંપનીમાં તેજી રહેતાં બજારમાં તેજી આવી ગઈ હતી. રાજકીય બાબતો અંગેની કેબિનેટ સમિતિની બેઠક મોકુફ કરવામાં આવતાં તેની બજાર પર અસર આંશિક રીતે જોવા મળી હતી. આજે મોટાભાગના એશિયન બજારો મંદી સાથે બંધ રહ્યા હતાં. નિક્કી ૬૨ પોઈન્ટ ઘટીને ૮૮૦૭ની સપાટીએ રહ્યો હતો જ્યારે શાંઘાઈ કમ્પોજીટ ૧૪ પોઈન્ટ ઘટી ૨૧૨૦ની સપાટીએ રહ્યો હતો. મોડી રાતના કારોબાર દરમિયાન અમેરિકી ડાઉજોન્સમાં ૫૨ પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો જેથી તેની સપાટી ૧૩૨૫૪ ઉપર પહોંચી હતી જયારે એસએન્ડપી ૫૦૦ ઈન્ડેક્સમાં ૯ પોઈન્ટનો ઘટાડો નોંધાતા તેની સપાટી ૧૪૨૯ રહી હતી. આવી જ રીતે નાસડેક કમ્પોઝીટ ૩૨ પોઈન્ટ ઘટીને ૩૧૦૪ની સપાટીએ રહ્યો હતો.ઘરઆંગણે એચડીએફસીના શેરમાં સૌથી વધુ ઉછાળો જોવા મળ્યો હતો. આ શેરમાં ૨.૨ ટકાનો સુધારો રહેતાં શેરની કિંમત વધીને ૭૫૬ ઉપર પહોંચી હતી જે ઓક્ટોબર ૨૦૧૦ બાદથી સૌથી ઉંચી સપાટી છે. દેશની સૌથી મોટી હાઉસિંગ ફાયનાન્સિંગ કંપની દ્વારા કેટલાંક પગલાં લેવામાં આવી છે જેથી તેમાં તેજી નોંધાઈ રહી છે. ઈન્ફોસિસનાં શેરમાં ૦.૭ ટકાનો સુધાર જોવા મળ્યો હતો. ઈન્ફોસિસની સોદાબાજીના સમાચાર ગઈકાલે આવ્યા હતાં. એનટીપીસી, ભેલ, આઈસીઆઈસીઆઈ બેંક, ટીસીએસ, આઈટીસી, એચડીએફસી બેંક, મારૂતિ સુઝુકી, ડો.રેડ્ડી લેબ, હિંદાલકો, ભારતી એરટેલ, બજાજ ઓટો સહિતનાં શેરોમાં ૦.૪ થી ૧.૭ ટકા સુધીનો સુધારો થયો હતો. બીજીબાજુ જે શેરમાં સૌથી મોટો ઘટાડો નોંધાયો હતો તેમાં સ્ટરલાઈડનો સમાવેશ થાય છે તેમાં ૫ ટકાનો ઘટાડો થયો હતો. ગોવા સરકારે વધુ આદેશ જારી કરવામાં ન આવે ત્યાં સુધી તમામ માયનિંગ ઓપરેશન બંધ કરવાનો આદેશ આપ્યા બાદ આ સ્થિતિ સર્જાઈ હતી. રાજ્ય સરકાર દ્વારા તમામ ઓપરેશન બંધ કરવાનું જાહેરનામું જારી કરી દેવામાં આવ્યું છે. હીરો મોટોકોર્પમાં ૧ ટકાનો ઘટાડો રહ્યો હતો. અન્ય જે શેરમાં નબળાઈ જોવા મળી હતી તેમાં જિંદાલ સ્ટીલ, તાતા સ્ટીલ, એચયુએલ, વિપ્રો, સન ફાર્મા, કોલઈન્ડિયા, એસબીઆઈ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રી, તાતા પાવરનો સમાવેશ થાય છે. સેક્ટરલ મોરચે આઈટી ઈન્ડેક્ષમાં સૌથી વધુ નફો જોવા મળ્યો હતો, તેમાં ૦.૧ ટકાનો સુધારો રહ્યો હતો. રિયાલિટી, પાવર, બેંકેક્સ, એફએમસીજી, કન્ઝયુમર ડ્યુરેબલ, હેલ્થકેર, ઓઈલ એન્ડ ગેસ, પીએસયુ અને કેપિટલ ગુડ્સમાં ૦.૨ થી ૦.૮ ટકા સુધીનો સુધારો જોવા મળ્યો હતો. ઓટો અને મેટલ ઈન્ડેક્ષમાં નબળાઈ રહી હતી.

## તાજ કોરિડોર માયાની વિરુદ્ધ અંતિમ સુનાવણી

લખનૌ,તા. ૧૧

અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેંચે આજે તાજ કોરિડોર કોંભાડમાં ઉત્તરપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન માયાવતી અને તેમના કેબિનેટ સાથી નસીમુદ્દીન સિદ્દીકી સામે ફોજદારી કેસની કાર્યવાહી શરૂ કરવાના આદેશ આપવાની માંગ કરી દાખલ કરવામાં આવેલી અરજી પર અંતિમ સુનાવણી હાથ ધરી હતી.

જસ્ટીસ ઈમ્તિયાજ મુર્તજા અને જસ્ટીસ અશ્વીની કુમાર સિંહની બેંચ સમક્ષ હાજર થઈને સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ કામીની જયસ્વાલે જોરદાર રજૂઆત કરી હતી. જયસ્વાલ અરજીદાર તરફથી હાજર થયા હતા. જ્યારે વરિષ્ઠ વકીલ સતીશ ચન્દ્રા મિશ્રા અને તેમની ટીમે માયાવતી અને અન્યોનું પ્રતિનિધીત્વ કર્યુ હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ખાસ સીબીઆઈ અદાલતે માયાવતી અને નસીમુદ્દીનની સામે કાર્યવાહી પડતી મુકી હતી.

## હિમાચલમાં યાત્રી બસ ખીણમાં પડતાં ૩૪નાં કરુણ મોત

નવી દિલ્હી,તા.૧૧

હિમાચલ પ્રદેશના કાંગરા જિલ્લામાં વહેલી પરોઢે રાજ્ય માર્ગ પરિવહન નિગમની એક બસ માર્ગ પરથી લપસી જઈને ૫૦૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકી જતાં ઓછામાં ઓછા ૩૪ લોકોના મોત થઈ ગયા છે અને અન્ય ઘણા લોકો ઘાયલ થયા છે.

ઘાયલોની સંખ્યા પ્રાથમિક રીતે પાંચ દર્શાવવામાં આવી છે. પોલીસ સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે બસના કાટમાળ હેઠળથી ૩૪ મૃતદેહ બહાર કાઢી લેવામાં આવ્યા છે. ઘાયલોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. દુર્ઘટનામાં જીવીત બચી ગયેલા એક યાત્રીએ માહિતી આપતા કહ્યું છે કે ૪૨ સીટ વાળી આ બસ યાત્રીઓને લઈને પાલમપુરથી આશાપુરી તરફ જઈ રહી હતી.

બસમાં ક્ષમતા કરતા વધારે યાત્રીઓ હતા. આશાપુરી ગામ પહાળીઓ પર બનેલા મંદિર માટે જાણીતું છે. બચી ગયેલા યાત્રીઓએ કહ્યું છે કે મોટાભાગના યાત્રી દુર્ઘટના સ્થળથી થોડાક કિલોમીટરના અંતરે સ્થિત માકોલ ગામમાં ઉતરી ગયા હતા. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી



છે. બચાવ કામગીરી માટે ૨૫૦ કિલોમીટરના અંતરે સ્થિત પાલમપુરથી ભારતીય સેનાને બોલાવવામાં આવી હતી. જ્યાં દુર્ઘટના થઈ ત્યાં જંગલો છે. સૂત્રોએ કહ્યું છે કે દુર્ઘટના થઈ ત્યારે ડ્રાઈવર સીટ વ્યવસ્થિત કરી રહ્યો હોવાથી કાબૂ ગુમાવી દીધો હતો. સરકારે તપાસનો આદેશ આપ્યો છે. આ મહિનામાં રાજ્યમાં બીજી મોટી દુર્ઘટના છે. આ અગાઉ ૧૧મી ઓગસ્ટના દિવસે ચમ્બા જિલ્લાના એક દુર્ઘટના થઈ હતી જેમાં ૫૩ લોકોના મોત થયા હતા અને ૪૬ લોકો ઘાયલ થયા હતા.

## ઓક્ટોબર-ડિસેમ્બરમાં ભરતી પ્રક્રિયા ધીમી થશે

નવી દિલ્હી,તા. ૧૧

ભારતી કંપનીઓએ વૈશ્વિક આર્થિક મંદી અને દેશમાં આર્થિક વિકાસની ધીમી ગતિનાં પરિણામ સ્વરૂપે ઓક્ટોબર-ડિસેમ્બરનાં ગાળામાં ભરતીની પ્રક્રિયા ધીમી કરવા માટેની ગણતરી કરી લીધી છે. મળેલી માહિતી મુજબ મોટાભાગની કંપનીઓ વર્કફોર્સને મંદીની સ્થિતિમાં વર્તમાન સપાટી ઉપર જાળવી રાખવા માંગે છે. જોકે કંપનીઓ વચ્ચે ગળાકાપ સ્પર્ધાનાં પરિણામ સ્વરૂપે ટોચની કંપનીઓ કુશળ લોકોને જાળવી રાખવા માટેનો પ્રયાસ કરી રહી છે. મેન પાવર એમ્પ્લોયમેન્ટ આઉટલુક સર્વેમાં જણાવાયું છે કે, છેલ્લાં બે વર્ષના ગાળામાં ભરતીની પ્રક્રિયા અતિઝડપી રહી હતી. આની બિલકુલ વિરુદ્ધમાં ગતિ ધીમી પડી ગઈ છે. છેલ્લાં બે વર્ષમાં મોટાપાયે ભરતી કરવામાં આવી હતી. ૨૭ ટકા કંપનીઓ સ્ટાફમાં વધારો કરવા માટે આશાવાદી છે. વધુમાં તાઈવાન સૌથી આશાસ્પદ દેશ તરીકે ઉભરી આવ્યો છે. આમાં ભારતને પછડાટ હાથ લાગી છે. વિશ્વભરમાં આગામી ત્રણ મહિનાનાં ગાળામાં ભરતીના ઈરાદાની દૃષ્ટિએ ભારત તાઈવાન કરતાં પાછળ રહ્યું છે. ચીન, બ્રાઝિલ અને ભારત જેવાં ઉભરતા માર્કેટમાં કંપનીઓ પણ કુશળ લોકોને આવરી લેવા મથામણ કરી રહી છે પરંતુ તમામ સેક્ટરોમાં છેલ્લાં વર્ષની સરખામણીમાં આ વર્ષે ભરતીની પ્રક્રિયા ધીમી રહી શકે છે. ખાસ કરીને ભારતમાં ભરતી પ્રક્રિયા ધીમી રહેશે. મેનપાવર ગ્રુપના તારણો અંગે પ્રતિક્રિયા આપતાં ટોચની કંપનીઓનું કહેવું છે કે, ભરતી પ્રક્રિયા ધીમી પડવા માટે ઘણાં પરિબળ જવાબદાર છે. ઈન્સ્યોરન્સ, ફાયનાન્સ, રિયલ એસ્ટેટ સેક્ટરમાં તેજી રહેવાની શક્યતા છે. રિટેલ કારોબારમાં પણ તેજી આવી શકે છે. સર્વે મુજબ વિશ્વભરમાં કંપનીઓ સાવધાનીપૂર્વકનું વલણ અપનાવી રહી છે.


**દિગ્વિજયને તેમના અંદાજમાં શિવસેનાનો જવાબ**

## દિગ્વિજયના પૂર્વજો મોગલો અંગ્રેજોના બાતમીદાર હતા

મુંબઈ, તા.૧૧

ઠાકરે પરિવારને મૂળ બિહારના ગણાવનાર કોંગ્રેસ મહાસચિવ દિગ્વિજયસિંહને તેમના અંદાજમાં વળતો પ્રહાર શિવસેનાએ કર્યો છે.

શિવસેનાના મુખપત્ર 'સામના'માં દિગ્વિજયસિંઘના પૂર્વજોને 'દગાબાજ' ગણાવતા દાવો કરવામાં આવ્યો છે કે મુગલો અને અંગ્રેજોના તેઓ બાતમીદાર હતા. લેખમાં ઠાકરેના પૂર્વજોની મુક્ત મને પ્રશંસા કરવામાં આવી છે. જેમાં



સ્પષ્ટ ઉલ્લેખ કરાયો છે કે શિવાજીની સેનામાં ઠાકરેના પૂર્વજોનો મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે. જ્યારે દિગ્વિજયસિંહને ખીંચી કુળના દર્શાવાયા છે. તેમના પૂર્વજો મુગલો અને અંગ્રેજોના બાતમીદાર હતા.

બીજા લેખમાં લખવામાં આવ્યું છે કે ઠાકરે પરિવાર પર આરોપ લગાવનાર દિગ્વિજયસિંહનું કુળ પણ તપાસી લેવું જોઈએ. ઠાકરે પરિવારના પૂર્વજો તો છત્રપતિ શિવાજીની સેનાના શૂરવીર હતા. તેઓ હિંદુ સ્વરાજ માટે લડ્યા હતા. દિગ્વિજયસિંહનું કુળ તો ખીંચી રાજપૂતોનો તેઓ જે રાધોગઠ પ્રાંતના રાજા છે. તેનો અધિકૃત ઈતિહાસ તેમના ખીંચી હોવાની પુષ્ટિ કરે છે.

ખીંચી સંસ્થાન, જોધપુરથી પ્રસિદ્ધ સર્વે ઓફ ખીંચી હીસ્ટ્રી જેના લેખક એ.એચ. નિજામી અને જી એ ખીંચી છે. તેનો દાવો છે કે ખીંચી પેટા જાતિ રાજપૂત ધન લઈ યુદ્ધ કરવા માટે કુખ્યાત છે.


દિગ્વિજયસિંહ જે રોધાગઠ રિયાસતના કુંવર છે. તે રિયાસત ગરીબદાસ નામના યોદ્ધાને બાદશાહ અકબરે આપી હતી. જ્યારે રાજપૂતાના અને મામલાવના મોટાભાગના ક્ષત્રિય રાણા પ્રતાપ બાજુ હતા ત્યારે રાધોગઠના ગરીબદાસ અકબરના બાતમીદાર હતા.

આ ગાદી પર ૧૭૯૭ સુધી દિગ્વિજયના પૂર્વજ બલવંતસિંઘ હતા. ૧૭૭૮માં પ્રથમ મરાઠા અંગ્રેજો વચ્ચેના યુદ્ધમાં બલવંતસિંઘે અંગ્રેજોને મદદ કરી હતી.

## માત્ર ૧૩ ટકા ભારતીય જ પાકિસ્તાનના મામલે સારો મત ધરાવે છે : સર્વે

નવી દિલ્હી,તા. ૧૧

ભારત અને પાકિસ્તાન પોતાના સંબંધોને સુધારવાના બનતા તમામ પ્રયાસ કરી રહ્યા છે પરંતુ બંને દેશોની પ્રજા આ બાબતની તરફેણ કરતી નથી. એક અમેરિકી સંસ્થા દ્વારા કરવામાં આવેલા સર્વેમાં જાણવા મળ્યું છે કે માત્ર ૧૩ ટકા ભારતીય જ પાકિસ્તાનના મામલે સારો મત ધરાવે છે. અમેરિકા સ્થિત સંસ્થા પ્યુ રિસર્ચ સેન્ટરે પોતાના સર્વેમાં જણાવ્યું છે કે ભારત અને પાકિસ્તાન બંને દેશોના મોટાભાગના નાગરિકો એકબીજા અંગે સારી ભાવના ધરાવતા નથી. અહેવાલ મુજબ ભારત અંગે પાકિસ્તાનીઓનો મત પણ ખૂબ જ કઠોર છે. સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે ૭૨ ટકા પાકિસ્તાની લોકો ભારતને સારી નજરથી જોતા નથી જ્યારે ૫૯ ટકા ભારતીય પણ પાકિસ્તાનના મામલે સારો મત રાખતા નથી. ૫૯ ટકા ભારતીય એટલે કે દરેક ૧૦ ભારતીય પૈકી ૬ ભારતીય પાકિસ્તાનને દેશ માટે ગંભીર ખતરા તરીકે ગણે છે. આ રિસર્ચ સેન્ટરના



તાજા અહેવાલમાં જણાવાયું છે કે ૫૯ ટકા ભારતીય પાકિસ્તાનને લશ્કરે તોયબા કરતા પણ વધુ ખતરનાક માણે છે. માત્ર ૧૩ ટકા ભારતીય લોકો જ પાકિસ્તાનને સારી નજરે જોવે છે. આ સર્વે હેઠળ નવ દેશોમાં પાકિસ્તાન અંગે લોકોના મત લેવામાં આવ્યા હતા. પાકિસ્તાન અંગે સારો મત ધરાવનાર લોકોમાં સૌથી ઓછી સંખ્યા ભારતમાં નોંધાઈ હતી. પાકિસ્તાનમાં પણ આવી જ સ્થિતિ જોવા મળી છે. આશરે ૫૭ ટકા પાકિસ્તાની લોકો સુરક્ષાની દૃષ્ટિએ ભારતને ખતરા તરીકે ગણે છે. રિપોર્ટ મુજબ ૧૦ પૈકી સાત ભારતીય અને ૧૦ પૈકી છ પાકિસ્તાની માને છે કે બંને દેશો વચ્ચે સંબંધોને સુધારવાની બાબત મહત્વપૂર્ણ છે. આશરે બે તૃતીયાંશ લોકો એમ પણ માને છે કે બંને દેશો વચ્ચે વેપાર સંબંધ વધારવાની બાબત ખૂબ સારી છે પરંતુ કાશ્મીરના પ્રશ્ને બંને દેશોના લોકોના મત ખૂબ જ જુદા જુદા છે. ૫૯ ટકા ભારતીય ઈચ્છે છે કે કાશ્મીર પ્રશ્ને બંને દેશો વચ્ચે મતભેદ ન હોવા જોઈ તેમ તે ઈચ્છે છે.

## સમાચાર ઝલક

- 'જળ સત્યાગ્રહ' નો જય હો, તમામ માગણી મજૂંર રાખતી મધ્યપ્રદેશ સરકાર.
- દુષ્કાળને પાઠ ભણાવવા મેઘરાજા કચ્છના 'લાલા' ગામમાં, ૧૧ ઇંચ વરસાદથી જળબંબાકાર.
- આકાશવાણીની ઉર્દૂ સેવા ફરી શરૂ, હાલારનું ટ્રાન્સમીટર રાષ્ટ્રને અર્પણ, પાકિસ્તાન, ઇરાન, અફઘાનિસ્તાન, ભારતમાં સાંભળી શકાશે.
- શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાથી ઇરાક હતપ્રભ, ૧૦૦નાં મોત, ૧૫૦થી વધુ ઘાયલ.
- એક એપિસોડ માટે રૂા. ૧ કરોડ મેળવતી માધુરી દિક્ષિત.
- હિમાચલ પ્રદેશની ખીણમાં બસ પડી જતાં ૩૦થી વધુનાં મોત.
- બ્રિટનનાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થતાં સરકાર ચિંતામાં.
- તા. ૯/૧૧માં ભીષણ આતંકવાદી હુમલાની અમેરિકામાં ૧૧મી વરસી, શ્રધ્ધાંજલિનો કાર્યક્રમ યોજયાં.
- ગુજરાતમાં ૨૮મો જિલ્લો છોટા ઉદેપુર તા.૨૬/૧/૨૦૧૩ થી બનશે.
- ભારત આવેલા હિન્દુ યાત્રિકોનો પાકિસ્તાન પરત જવાનો ઇન્કાર
- ભારતમાં સોનાનો ઝગમગાટ જારી રહેશે, તહેવારોમાં વધુ તેજીના અણસાર.
- ટૂંક સમયમાં મહિલા પોલીસ કરશે પેટ્રોલીંગ, રાજય સરકારનો મહત્ત્વનો નિર્ણય લેશે.
- ઇરાકના નાયબ વડાપ્રધાન તારિક અલહાશમીનો ફાંસીની સજા ફરમાવવામાં આવી.
- કાશ્મીરમાં રાત્રે બહાર ન જવું અને જરૂર હોય તો ફાનસ લઇને નીકળવાનો લશ્કરનો હુકમ.
- વધુ વ્યાજ મેળવવાની લાલચ હોય તો જોખમ ખેડવું, રિઝર્વ બેંકના ચક્રવર્તીની ટકોર.

**નવાં ક્લેવર** (પાના નં. ૪ નું ચાલુ)

એ જ દિવસોમાં સંયોગવશ પત્નીને કમળો થયો તેમાંથી કમળી થતાં સ્થિતિ ખરાબ થઈ ગઈ. તેનો સારવાર માટે મારી પાસે કાણી કોણી પણ નહોતી. ઘરનું ઘર વેંચી આવીને અહીં તહીંથી મોટા પ્રમાણમાં દેવું પણ કરેલું. તેથી પગારનો મોટો ભાગ દર મહિને દેવું ભરવામાં જ જતો રહેતો હતો. પૈસાની અભાવે બિચારીનો ઈલાજ હું કરાવી ન શક્યો. અને એ મને છોડીને જતી રહી.' કહેતા તેમની આંખોમાં ઝળઝળીયાં આવી ગયાં. શૈલેષે તેમને આશ્વાસન આપ્યું. 'પટેલભાઈ એમ દુઃખી થવાથી શું ફાયદો? જે થવાનું હોય તે થાય છે. સમય કયારેય માણસને સુખના ઝુલે ઝુલાવે છે તો કયારેક મુશ્કેલીની ઊંડી ખાઈમાં ધકેલી દે છે. પણ મજબૂત મનનાં માણસો સંયમ અને દઢતાથી હિંમતપૂર્વક તેનો સામનો કરે છે. સુખ દુઃખ તો તડકા છાંયા જેવું છે. હાં પછી શું થયું?' ભાગ્યેશને તેણે ફરી પૂછ્યું. તો ભાગ્યેશે પોતાની આંખો લૂછી અને પછી કહ્યું, 'તેણે ઑસ્ટ્રેલિયા પહોંચીને મને મદદરૂપ થવાનું તો દૂર, ખબર અંતર પણ ન પૂછ્યાં. ત્યાં થોડા જ દિવસોમાં તેણે એક ઑસ્ટ્રેલિયન છોકરી સાથે લગ્ન કરી લીધાં. હાં, જાણ ખાતર નાના છોરાને તેણે એક ઈન્વિટેશન કાર્ડ મોકલ્યું.'

વરસાદ આખી રાત વરસ્યો હોવાથી વાતાવરણમાં હજુ ઠંડક હતી. તેથી શૈલેષે ભાગ્યેશને ઈશારો કર્યો. 'યાર એક એક ચ્હાં હજુ પીએ.' તેણે બાઉન્ડ્રી પાસે ઊભેલાં ચ્હાવાળાને બુમ પાડી. 'અરે! ભાઈ બે ચ્હા લાવજો ને' ત્યાં એક માણસે આવીને ભાગ્યેશને બોલાવતાં કહ્યું. 'અરે પટેલભાઈ તમે, હું કયારનો તમને શોધું છું. મારે તમારું ખાસ કામ છે.' ભાગ્યેશભાઈ ઊભા થઈને તેની પાસે ગયા. તેના જતાંની સાથે જ શૈલેષભાઈ વિચારોમાં ખોવાઈ ગયાં. તેનાં અને ભાગ્યેશનાં બાળકો વચ્ચે કેવું જમીન આસમાનનું અંતર છે.

તે દિવસે એ બજારમાં એમ જ ફરવાં નીકળેલાં. જયાં તે હરિલાલ એન્ડ કંપનીની ફર્મની સામેથી પસાર થતા હતા ત્યાં તેના માલિકે તેમને જોતાં જ કહ્યું, 'અરે! મેનેજર સાહેબ આવો ને? આવો... આવો...' તેણે તેમને સન્માનપૂર્વક બોલાવ્યા અને ખુબ જ પ્રેમ તેમજ આદરપૂર્વક બોલાવવાથી શૈલેષભાઈ તેની ઑફિસમાં ગયા. હરિલાલે તેમને માનપાન આપી ઠંડુ પીવડાવ્યું પછી પૂછવાં લાગ્યાં. 'મેનેજર સાહેબ આ બાજું કંઇ તરફ નીકળેલા. શું ચાલે છે આજકાલ, નિવૃત્તિના જીવનમાં કેવું છે?' શૈલેષભાઈએ શાંત ચિત્તે ઠાવકાઈથી કહ્યું, 'સારું છે. બરાબર ચાલ્યે રાખે છે.'

'એક વાત કહું' હરિલાલે વાતની શરૂઆત કરતાં કહ્યું.

'હાં... હાં... કહો'

'તમારે ટાઈમ પાસ કરવા કંઈક કામ તો હોવું જોઈએ.'

'તમારી વાત સાચી છે પણ મારે ટાઈમપાસની એવી કોઈ મુશ્કેલી નથી. મારો સમય બહુ સારી રીતે પાસ થઈ જાય છે.'

'છતાં આપને એક સલાહ આપું. તમે તેનો બીજો કોઈ અર્થ ન કરતાં...'

'હાં... હાં... બોલો. એમાં શું છે?'

'તમે રોજ એકાદ કલાક મારી ફૅક્ટરીનાં એકાઉન્ટ ચેકિંગનું કામ કરી આપો તો કેવું? એકાએક આ સાંભળીને એ આશ્ચર્યચકિત થઈ હરિલાલ તરફ જોવા લાગ્યાં. ત્યારે હરિલાલ હસી પડતાં કહ્યું.' માફ કરજો સાહેબ પણ હું મફતમાં તમને હેરાન કરવા નથી માંગતો. તમને ગૌરવરૂપ લાગે એવું પૉકેટ એલાઉન્સ આપીશ.' કહેતાં હરિલાલ પ્રશ્નવાચક નજરે તેમના ચહેરા તરફ જોઈ રહ્યાં.

'સારું એકાદ દિવસમાં વિચાર કરીને જણાવીશ.' એમ કહી આડી અવળી થોડી વાતો કરી એ ત્યાંથી નીકળી ગયાં. રસ્તામાં ચાલતાં તેમની અંદર એક ઉત્સાહ ઉછાળા મારવા લાગ્યો. એક અનુપમ, અનોખા ઉત્સાહ સાથે એ ઘેર પાછા ફર્યાં.

(ક્રમશઃ)